
Vibrant GUJARAT 2024
10-12 Jan
Gateway to the Future | 10th Global Summit
નિર્મળ ગુજરાત 2.0
સ્વચ્છ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત
મારો કચરો, મારી જવાબદારી
સ્વચ્છ ગુજરાત થકી કરીએ સમૃદ્ધિની તૈયારી
સૂકો કચરો
ભીનો કચરો
આવો... સાથે મળી નિર્મળ ગુજરાતનું સપનું સાકાર કરીએ...
સૂકા અને ભીના કચરાનું વર્ગીકરણ કરીએ
સ્વચ્છ ભારત મિશન,અર્બન - ગુજરાત
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
@sbmugujarat
@swachhgujaratofficial
@SwachhGujarat
@sbmugujarat

**મહિસાગર, ખેડા આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

**પંચમહાલ સમાચાર**

## મંત્રી ડો.કુબેરભાઈ ડિંડોર અને મંત્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં

# માનગઢ ખાતે માગશરી પૂનમના દિવસે આદિવાસી વીર શહીદ શ્રદ્ધાંજલિ સમારોહની ઉજવણી કરવામાં આવી

મહીસાગર, ૧૭ નવેમ્બર ૧૯૧૩ માનગઢ ક્રાંતિના મહાનાયક, આદિવાસી સ્વાધીનતા સંગ્રામના પ્રણેતા ગોવિંદ ગુરૂને શત શત વંદન કરી આદિવાસી સ્વાધીનતા સંગ્રામના ૧૫૦૭ આદિવાસી વીર શહીદ શ્રદ્ધાંજલિ સમારોહ માગશરી પૂનમના દિવસે મહીસાગર જીલ્લાના માનગઢ ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર અને જીલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્ય કક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડની પ્રેરક ઉપસ્થતિમાં યોજાયો.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર એ જણાવ્યું હતું કે, ગુજરાત, રાજસ્થાન અને મદયપ્રદેશના ત્રિ-ભેટે મહીસાગરના આરે પ્રકૃતિ-પહાડોના ખોળે અરવલ્લીની ગીરીકંદરામાં વસેલુ માનગઢધામ અનુપમ ઐતિહાસિક ગૌરવવંતું પવિત્ર સ્થળ ભારતની ભૂમિમાં આઝાદીની હાકલ પૂર્વે આદિવાસીઓના પૂર્વજોએ હજ્જારોની સંખ્યામાં બ્રિટીશરો ભૂરેટીયાઓના દમન-શોષણને વશ નહી થતા નિર્મમ હત્યા કરી જલીયાવાલા બાગ હત્યાકાંડ કરતાયે ભયંકર બર્બરતા વ્હોરી તા.૧૭-૧૧-૧૯૧૩ના રોજ શહાદત થયેલા ૧૫૦૭ આદિવાસીઓ આજે પણ



આપણા માટે દેશભક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેમના બલિદાનને ઈતિહાસને ઉજાગર કરવા માટે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રયાસ કર્યા હતા અને તે પ્રયાસ આજે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર આગળ વધારી રહી છે અને રાજ્ય સરકાર ગુરૂ ગોવિંદનો ઈતિહાસ ઉજાગર કરવા માટે સતત પ્રયત્નશીલ છે. આદિવાસી સમાજમાં રહેલ સુષુપ્ત શક્તિને જગાડવાનું કામ ગુરૂ ગોવિંદે કર્યું છે.



આ પ્રસંગે રાજ્ય કક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડે દેશની આઝાદી માટે માનગઢની ધરતી પર શહીદ થયેલ ૧૫૦૭ આદિવાસી વીર શહીદને નમન કરી જણાવ્યું હતું કે, દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૧૫ મી નવેમ્બરને ૨૦૨૩ના રોજ ઝારખંડ રાજ્ય માંથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવી ગુલામીની માનસિકતાને ત્યજી વર્ષ-૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ લેવડાવ્યા હતા. આ સાથે વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતેથી ભાઈબીજના પવિત્ર દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંબાજી નજીક ચીખલા ખાતેથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ગરિમામય ઉપસ્થિતિમાં ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ અંતર્ગત જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી અને વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રાજયવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. આ યાત્રા થકી સરકાર ઘર આંગણે આવી છેવાડાના માનવીને લોક કલ્યાણકારી યોજનાઓનો લાભ આપી રહ્યા છે.

આ પ્રસંગે મોરવા હડફ ધારાસભ્ય નિમિષાબેન સુથારે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું અને નિવાસી અધિક કલેક્ટરએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ, ઈન્ચાર્જ કલેકટર ચંદ્રકાંત પટેલ, તાલુકા પંચાતના પ્રમુખ હરેશભાઈ વળવાઇ, અગ્રણી દશરથભાઈ બારીયા, પ્રાયોજના વહીવટદાર જે.પી.અસારી, ગોવિંદ ગુરૂના અનુયાયીઓ, ગાયત્રી પરિવારના રામજીભાઈ ગરાસિયા સહિત અધિકારીઓ પદાધિકારીઓ, સરપંચો, ગાયત્રી પરિવારના સભ્યો, આદિવાસી સમાજના આગેવાનો મહિલાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# સંતરામપુર ટાઉન હોલ ખાતે મહિલા અને બાળ વિકાસ કચેરી દ્વારા “બેટી બચાવો...બેટી પઢાવો...”યોજનાની શિબિર યોજી

સંતરામપુર, મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકામાં સંતરામપુર નગર ટાઉનહોલ ખાતે મહિલા અને બાળ અધિકારીની કચેરી, મહીસાગર દ્વારા અમલીકૃત બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત દીકરી વધામણા કીટ, એજ્યુકેશન કીટ, હાઈજીન કીટ અને વ્હાલી દીકરી યોજનાના મંજુરી હુકમના વિતરણ તેમજ મહિલાલક્ષી યોજનાઓ અંગેની જાગૃતિ શિબિર યોજાયેલ.

આ શિબિરમાં CISS પોર્ટલ પર નોધાયેલ સ્ટ્રીટ ચિલ્ડ્રન દીકરીઓ અને માતા પિતા ન ધરાવતી તેમજ માતા કે પિતા બંન્નેમાંથી કોઈ એક ન ધરાવતી એમ કુલ ૭૩ દીકરીઓને એજ્યુકેશન કીટ, પૂર્ણા યોજના અંતર્ગત નોધાયેલ શાળાએ ન જતી ૧૫ થી ૧૮ વર્ષની કુલ ૩૫ કિશોરીઓ હાઈજીન કીટ અને વ્હાલી દીકરી યોજના અંતર્ગત કુલ-૩૫



દીકરીઓને વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમપત્ર વિતરણ કરવામાં આવેલ હતા.

આ પ્રસંગે ન્યાય સમિતિના ચેરમેન જેસીંગભાઇ બારીયા, વિશ્વ હિન્દુ પરિષદ સમિતિ સંતરામપુર પ્રમુખ અરવિંદભાઈ પટેલ, ગાયત્રી પરિવાર વ્યવસ્થાપનના પંચમહાલ મહીસાગર તથા દાહોદ જીલ્લાના પ્રભારી રામજીભાઈ ગરાસીયા, દહેજ પ્રતિબંધક અધિકારી પંકજ ભાઈ પટેલ, સમાજ સુરક્ષા અધિકારી, ભાર્ગવીબેન નીનામા, ઈ. સીડીપીઓ કિંજલબેન શગાડા અને અંબાબેન પલાસ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. દહેજ પ્રતિબંધક અધિકારી દ્વારા મહિલાલક્ષી વિવિધ યોજનાઓ અંગે તેમજ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા બાળ લગ્ન અને બાળકોની વિવિધ યોજનાઓ અંગેની જાણકારી આપી હતી. ગાયત્રી પરિવાર વ્યવસ્થાપનના પંચમહાલ મહીસાગર તથા દાહોદ જીલ્લાના પ્રભારી રામજીભાઈ ગરાસિયાએ નારીની મહત્વતા, દહેજ પ્રથા તેમજ બાળ લગ્નથી કુટુંબ સમાજ અને રાષ્ટ્રને થતી વિપરીત અસરો અંગેની ઉદાહરણ સાથે વિસ્તૃત સમજ આપેલ હતી. તેમજ ઉક્ત મુજબની તમામ દીકરીઓને વિવિધ કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

છેલ્લે સરકારી સ્ટેટ હોસ્પિટલ તથા ખાનગી હોસ્પિટલ સંતરામપુર ખાતે નવીન જન્મેલ કુલ ૦૭ દીકરીઓને તથા સરકારી ચિલ્ડ્રન હોમ લુણાવાડા ખાતે જન્મેલ ૦૧ દીકરી એમ મળી કુલ-૦૮ દીકરીઓને દીકરી વધામણા કીટોનું વિતરણ કરવામાં આવેલ હતું.

# મહીસાગર જીલ્લા આયોજન સમિતિના ૧૮ સભ્યોની ચૂંટણી

લુણાવાડા, મહીસાગર જીલ્લામાં જીલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી અને તેમના દ્વારા મહીસાગર જીલ્લાની જીલ્લા આયોજન સમિતિના સભ્યોમાંથી ૧૮ (અઢાર) સભ્યોની ચૂંટણી યોજાશે.

નામાંકન પત્રો ઉમેદવારે અથવા તેના પ્રસ્તાવકર્તાએ ચૂંટણી અધિકારીને પ્રાંત કચેરી લુણાવાડા, જીલ્લા સેવા સદન મહીસાગર પ્રથમ માળે, રૂમ નંબર-૧૨૧ અથવા મદદનીશ ચૂંટણી અધિકારીને, જીલ્લા પંચાયત મહીસાગર પ્રથમ માળ રૂમ નંબર અ-૧૦૬ ખાતે તા.૧૦/૦૧/૨૦૨૪ સુધી (જાહેર રજા સિવાયના) કોઈપણ દિવસે સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૩ વાગ્યાની વચ્ચે મોકલી આપવા જોઈશે પણ તેથી મોડું કરવું જોઈશે નહિ, નામાંકન પત્રના નમૂના ઉપર જણાવેલા સ્થળે અને સમયે મળી શકશે.

નામાંકન પત્રો ચકાસણી માટે પ્રાંત કચેરી લુણાવાડા, જીલ્લા સેવા સદન મહીસાગર, પ્રથમ માળે, રૂમ નંબર-૧૨૧ ખાતે તા.૧૨/૦૧/૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે લેવામાં આવશે. ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ તા.૧૬/૦૧/૨૦૨૪ ના રોજ, બપોરે ૩:૦૦ વાગ્યા પહેલાં પોતાની કચેરી ખાતે ઉપરના પરિચ્છેદમાં નિર્દિષ્ટ કરેલા અધિકારીઓ પૈકીના કોઇ એકઃ અધિકારીને ઉમેદવાર અથવા ઉમેદવારે (નોટિસ) પહોંચાડવા માટે લેખિતમાં અધિકૃત કર્યા હોય તેવા તેના પ્રસ્તાવકર્તા દ્વારા પહોંચાડી શકાશે.

ચૂંટણી કરાવવામાં આવી રહી હોય તેવા પ્રસંગમાં (કિસ્સામાં) મતદાન તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે થી બપોરના ૩:૦૦ કલાકે ની વચ્ચે યોજવામાં આવશે.

# સંતરામપુર તાલુકાના બારેલા ગામે ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નું ગ્રામજનો દ્વારા સ્વાગત કરાયું



લુણાવાડા, મહીસાગર જીલ્લા સહિત તમામ જીલ્લાઓમાં સરકાર દ્વારા પ્રજાકલ્યાણકારી યોજનાઓનો વ્યાપ તમામ લાભાર્થી અને નાગરીકો સુધી પહોંચાડવા અને યોજનાઓની જાગૃતી ફેલાવવા સમગ્ર રાજયમાં “વિકસિત ભારત સંકલ્પ યાત્રા” નું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યુ હતું. મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના બારેલા ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું આગમન થતા ગ્રામજનોએ ઉત્સાહભેર આવકારી સ્વાગત કર્યું હતું.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અને તેના ઉદ્દેશ વિષે ગ્રામજનોને માહિતગાર કરાયા હતા. તેમજ વિવિધ શાખાઓના અધિકારીઓ દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી.

આ અવસરે મહાનુભવોના હસ્તે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ લાભાર્થીઓએ યોજનાના મળેલા લાભો વિશે વાત કરી અન્યને યોજનાથી માહિતગાર કર્યા હતા.

આ પ્રસંગે સંતરામપુર પ્રાંત અધિકારી, સંતરામપુર મામલતદાર, સરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# બાલાસિનોર તાલુકાના જોરાપુરા પંચાયતનો અદ્દભુત નજારો



તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

બાલાસિનોર, બાલાસિનોર તાલુકાના જોરાપુરા ગ્રામ પંચાયત દ્વારા એક સુંદર ઉદાહરણ પૂરૂં પાડ્યુ પોતાના ગામની દરેક સુવિધાથી ઉપલબ્ધ કરાવવા માટે સરપંચ રસીલાબેન મુકેશભાઈ પટેલ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર સરકાર દ્વારા જે તે ગ્રાન્ટ મળતી હોય તેનો સદઉપયોગ કરી ગામ માં પ્રવેશ દ્વાર,રોડ,ગટર, નલસે જલ યોજના અંતર્ગત ૨૪ કલાક પાણીની સુવિધા અને ટ્રી પ્લાન્ટિનેશન અને ગામ ની અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી જેની મુલાકાતે પંચમહાલ સાસંદ રતનસિંહ રાઠોડ તથા બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહ ચૌહાણ અને અમુલ ડેરી ના ડિરેક્ટર પૂર્વ ધારાસભ્ય રાજેશભાઈ પાઠક દ્વારા આ ગ્રામ ની મુલાકાત લીધી હતી અમુક ફાળો ગામના વડીલો એ પણ તેની અંદર ફાળો આપી સહભાગી બન્યા પ્રાપ્ત વિગતો અનુસાર ગામને સ્માર્ટ વિલેજ બનાવવા ખૂબ જ મહેનત કરી અને બાલાસિનોર તાલુકામાં પ્રથમ નંબરે સ્માર્ટ વિલેજ બનાવવામાં સફળતા મેળવી.

# મહીસાગર જીલ્લા ભાજપ દ્વારા વીર બાલ દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા



મહિસાગર, મહીસાગર જીલ્લા ભાજપ દ્વારા જાદાઓના બલિદાન વીર બાલ દિવસ નિમિત્તે પ્રભાત ફેરી, વિવિધ શાળાઓમાં વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન, જીલ્લા કાર્યાલય ખાતે પ્રદર્શની અને પુષ્પાંજલિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તે અંતર્ગત આયોજીત કાર્યક્રમમાં લુણાવાડા આદર્શ વિદ્યાલય ખાતે જીલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારિયા, પ્રદેશ શિક્ષક સેલ સદસ્ય કિરીટભાઇ પંડ્યા, જીલ્લા ભાજપ મંત્રી અને કાર્યક્રમના કન્વીનર રાજુભાઇ જોષી હાજર રહ્યા હતા.આ કાર્યક્રમમાં બાળકોમાં વીરતાનો ગુણ કેળવાય તે અનુસંધાને વીર બાળકોની વીરતાની ગાથા રજૂ કરવામાં આવી હતી. શીખ ધર્મના દસમા વારસ ગુરૂ ગોવિંદસિંહના ચારે પુત્રોએ જે શહીદી વહોરી જેમાં ત્રીજા અને ચોથા નંબરના પુત્રો જોરાવરસિંહજી અને ફતેસિંહજીને અનુક્રમે ૭ વર્ષ અને ૫ વર્ષની ઉમરે સરહિંદના નવાબે જીવતા ચણી દીધા તેમની શહીદીની યાદમાં વીર બાલ દિવસે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવે છે.

# બાલાસિનોર તાલુકામાં યુરિયા ખાતરનો કાળો કારોબાર : ખેડુતો ઉંચા ભાવે ખાતર ખરીદવા મજબુર

બાલાસિનોર, બાલાસિનોર તાલુકામાં યુરિયા ખાતરનો કાળો કારોબાર બેરોકટોક ધમધમી ઉઠ્યો છે. ત્યારે ખેડુતોના હિતમાં પગલા લે તેવી માંગ ઉઠવા પામી છે.

બાલાસિનોર તાલુકામાં યુરિયા ખાતરનો કાળો કારોબાર કરિયાણાની દુકાન, ઠંડા પીણાનો વ્યાપાર કરતા દુકાનદારો તેમજ પાનનો ગલ્લો કરતા દુકાનદારો બે નંબરમાં લાવી ખેડુતોને પાસે ખાતરની મુળ કિંમત કરતા ૧૦૦ રૂપિયા જેટલા વધારે લઈ બેરોકટોક કાળો બારોબાર કરી રહ્યા છે. ત્યારે આવા વેપારીઓને કયાં સંઘ કે એજન્સી બે નંબરમાં ખાતર આપે છે તે પણ તપાસનો વિષય છે. ડાંગર પાક લેવાના સમયે માવઠું પડતા ખેડુતો રડ્યા હતા. ત્યાં હાલ ઘઉંનુ વાવેતર કરી રહ્યા છે. જેમાં પેલા પિયત સમયે યુરિયા ખાતર સારા ઉત્પાદન માટે ખેડુતો ખેતરમાં નાંખતા હોય છે. ત્યારે કાળો વેપાર કરનાર વેપારીઓ ખેડુતોની સ્થિતિ સામે કાળો કારોબાર કરી મસ્ત બન્યા છે.

# આપની આજ.......

મેષ : આજે આવકના નવા સ્ત્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે. કેટલાક લોકોને આંખની સમસ્યા નડી શકે છે અથવા અનિદ્રાની સમસ્યા હોઈ શકે છે.

વૃષભ : આજે સંતોષ અને શાંતિનો દિવસ રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે. શાસન અને સત્તાથી ઘણા ફાયદા થઈ શકે છે. નવી ડીલથી સ્ટેટસ, પ્રતિષ્ઠામાં વધારો થશે. તમે રાત્રે કેટલાંક અપ્રિય લોકોને મળી શકો છો.

મિથુન : આજે રોજગાર વેપારના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષજનક સમાચાર પણ મળશે. બપોરે કોઈપણ કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે.

કર્ક : આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાંઝેક્શનની સમસ્યા ઉકેલાશે.

સિંહ : આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. જીવનસાથીનો સહયોગ સહયોગ મળશે પણ બાળક તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે. સાંજે કામ અટકી પડવાની સંભાવના છે.

કન્યા : આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠા વધશે. બાળકની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારક રહેશે.

તુલા : આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવી અથવા ચોરી થવાનો ભય રહેશે, તે ધ્યાનમાં રાખો. બાળકની કોઈપણ સ્પર્ધામાં અણધારી સફળતા વિશે જાણવા મળશે. સાંજ સુધીમાં કોઈ અટકેલું કામ પૂર્ણ થઈ શકે છે.

વૃશ્ચિક : આજે તમારા સ્વાસ્થ્યમાં-ખુશીમાં થોડો ઘટાડો થઈ શકે છે. વાદ-વિવાદની સંભાવના છે, ધૈર્ય રાખો. વિરોધીઓ મુશ્કેલી લાવી શકે છે. કેટલાક પ્રતિકૂળ સમાચારને લીધે તમારે અચાનક બહાર જવું પડી શકે છે.

ધન : આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો સફળ થશે. સાથીઓ અને સહકાર્યકરો તરફથી આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

મકર : આજનો દિવસ પુત્ર અને પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. વિવાહિત જીવનમાં સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધી સાથે વ્યવહાર ના કરો કારણકે સંબંધ ખરાબ થવાની સંભાવના છે.

કુંભ : આજે કોઈ શારીરિક સમસ્યા ઊભી થઈ શકે છે. જે બાબતે ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. જો તમે શરીરને થોડો આરામ આપો તો તે વધુ સારું રહેશે.આજે કાર્યક્ષેત્રમાં મૂંઝવણ રહેશે. પારિવારિક જીવનમાં સુમેળ અને પ્રેમ રહેશે.

મીન : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ તરફથી નિકટતાનો લાભ ઉપલબ્ધ થશે. સાસરાવાળા તરફના સહયોગથી વધુ ફાયદો થઈ શકે છે.

# નડિયાદના સુંદરકુઈ ફાટક નજીક ટ્રેનની અડફેટે યુવાનનું મોત

નડિયાદ, નડિયાદ શહેરમાંથી પસાર થતી રેલ્વે લાઈન પર રાત્રિના સમયે એક અજાણ્યો યુવક કિલોમીટર ૪૪૩/૨૦ સુંદર કુઈ ફાટક નજીક ટ્રેન નં.-૧૨૪૯૦ની અડફેટમાં આવી જતા કપાઈ જતા તેના શરીરના ટુકડે ટુકડા થઈ જતા કમકમાટીભર્યુ મોત નીપજવા પામ્યુ છે. આ અજાણ્યો યુવક રંગે ઘઉં વર્ણનો, મધ્યમ બાંધાનો, હાથ ઉપર અંગ્રેજીમાં પુલકીત તેમજ એસ લખેલ છે. આ યુવાન અકસ્માતે ટ્રેનની અડફેટે આવી જતા કપાઈ જતા કે આપઘાત કર્યો છે તે અંગે હજુપણ તર્કવિતર્ક થઈ રહ્યા છે. આ અજાણ્યા યુવકની ઓળખ માટે તેમજ મૃતકના વાલી વારસોની પોલીસે શોધખોળ હાથ ધરી છે. આ બનાવની જાણ થતાં નડિયાદ રેલ્વે પોલીસે ઘટના સ્થળે દોડી જઈ અજાણ્યા મૃતકની લાશના કપાઈ વેરવિખેર પડેલ અંગોને એકઠા કરી કબ્જે લીધા હતા. આ બનાવ સંદર્ભે નડિયાદ રેલ્વે પોલીસે નડિયાદ પશ્ચિમ પોલીસમાં જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળ તપાસ હાથ ધરી હતી.

# લુણાવાડાના સજ્જનપુર ગામે ૧૫ વર્ષ પહેલા બનેલી ટાંકીમાં પાણીનું ટીપુ પડ્યુ નથી

લુણાવાડા સજ્જનપુર ગામમાં આશરે ૧૫ વર્ષ પહેલા ગ્રામજનો માટે પીવાના પાણીના ઉપયોગ માટે લાખો ખર્ચે પાઈપલાઈન મોટર સહિત પાણીની ટાંકી બનાવવામાં આવી હતી. જેમાં આજદિન સુધી પાણીનુ ટીપું પાડવામાં ન આવતા ટાંકી જર્જરિત થવાના આરે છે. સજ્જનપુર ગામોની ટાંકી લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી પરંતુ પાણી પુરવઠા કે પંચાયત દ્વારા પાછલા વર્ષોથી પાણીનુ એક પણ ટીપું ન પડતા શોભાના ગાંઠિયા સમાન બની ગયો છે. ગામના લોકોને પીવાના પાણીની સુવિધા મળી રહે તે હેતુથી સંપ બનાવ્યા છે. પરંતુ તે બંધ હોવાથી વારંવાર રજુઆતો કરવા છતાં તંત્રના પેટનુ પાણી હાલતુ નથી. સરકાર દ્વારા લાખોના ખર્ચે બનાવવામાં આવેલ ટાંકી હાલ બિસ્માર હાલતમાં જોવા મળે છે. ટાંકીની આજુબાજુ અસહ્ય ગંદકી અને ઝાડી-ઝાંખરા ઉગી નીકળ્યા છે. ત્યારે ૧૫ વર્ષથી ટાંકીમાં પાણીનુ ટીપું પણ પડ્યુ નથી અને ૧ વર્ષ પહેલા આ ટાંકીની બાજુમાં બીજો સંપ બનાવ્યો છે. જેની બાજુમાં પંપરૂમનુ વીજ કનેકશનના પૈસા ભર્યા હતા. હિંદોલીયા પાણી પુરવઠા યોજના દ્વારા લાખોનો ખર્ચે કરેલ પણ પાણી ન મળતા પાણીનુ નામ ભુ જેવી સ્થિતીનુ નિર્માણ થયુ છે.

# દાહોદમાં નવા રસ્તાના નવીનીકરણ વચ્ચે નડતરરૂપ વીજપોલ હટાવવા જરૂરી

દાહોદ, દાહોદ સ્માર્ટસિટી પ્રોજેક્ટ અંતર્ગત કરોડોના ખર્ચે રોડ બનાવવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બીજી તરફ આવા રસ્તાઓની વચ્ચે આવતા વીજ થાંભલા રસ્તાઓ બનતા પહેલા હટાવવા જરૂરી બન્યા છે. તેના પહેલા જો રોડ બની જશે તો પાછળથી નુકસાન થવાની ભિતીની સંભાવના રહેલી છે. દાહોદ શહેરમમાં સ્માર્ટસિટી પ્રોજેક્ટ અંતર્ગત જમીનની અંદરના પ્રોજેક્ટ લગભગ પુર્ણ થઈ ગયા છે. જેથી હવે જમીનની ઉપરની કામગીરી શરૂ કરવામાં આવી છે. સ્માર્ટસિટીમાં સિદ્ધરાજ જયસિંહ તળાવ બ્યુટિફિકેશન એક સફળ પ્રોજેક્ટ કહી શકાય છે. ત્યારે હવે શહેરમાં સ્માર્ટ રોડની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે ગત મે માસમાં જ રસ્તા પહોળા કરવા માટે ૧૬૦ જેટલી દુકાનો તોડી પાડવામાં આવી હતી. હાલ સ્ટેશન રોડ પર સ્માર્ટ રોડની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ વિસ્તારમાં રસ્તા પહોળા ર્ક્યા બાદ વચ્ચે નડતા વીજ પોલ ખસેડી દેવામાં આવ્યા છે. અને તે પ્રમાણે જ કામગીરી કરવી હિતાવહ છે. બીજી તરફ અનાજ માર્કેટથી રળિયાતી બ્રિજ સુધીના રસ્તાના નવીનીકરણ માટે આખોયે રસ્તો ખોદી કાઢવામાં આવ્યો છે. અને ટુંક સમયમાં તેની કામગીરી શરૂ કરવામાં આવશે. બીજી તરફ આ રસ્તા ભુતકાળમાં પહોળા કરવા છતાં રસ્તાની વચ્ચે આવતા વીજપોલ ખસેડવામાં આવ્યા ન હતા. જેથી રસ્તા પહોળા કરવાનો પુરો અર્થ સરતો નથી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# છોટાઉદેપુર નકલી કચેરી કૌભાંડનો મામલો આગામી લોકસભા ચૂંટણીમાં અસર કરશે કે કેમ ?

- દાહોદ જીલ્લાની પ્રાયોજના વહીવટદાર કચેરીના તત્કાલીન સમયના અધિકારી બીડી નિનામાની ધરપકડ બાદ દાહોદ જીલ્લા રાજકારણમાં ભૂકંપ સાથે ધરપકડની ચર્ચાઓ વચ્ચે રાજકારણીઓમાં ફેલાયો ?
- છોટાઉદેપુર તેમજ દાહોદ જીલ્લામાંથી આવનાર દિવસોમાં શું મોટા માથાઓની પણ ધરપકડ થઈ શકે ?

દાહોદ,

છોટાઉદેપુર નકલી કચેરી કૌભાંડનો રેલો દાહોદ જીલ્લામાં આવ્યા બાદ એક પછી એક આ કૌભાંડમાં સામેલ આરોપીઓ પોલીસના શકનિયામાં આવી રહ્યા છે. ત્યારે આ કોઈ નાનું કૌભાંડ નથી. કારણ કે, ૧૮ કરોડ ઉપરાંતના આ કૌભાંડમાં અનેક મોટા અધિકારીઓની સાથે સાથે રાજકારણીઓ પણ સંકળાયેલા હોવાનું ચર્ચા રહ્યું છે. ત્યારે આવનાર દિવસોમાં છોટાઉદેપુર તેમજ દાહોદ જીલ્લાના મોટા ગજાના રાજકારણીઓ પણ આ કૌભાંડમાં બહાર આવે તેવી શકયતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે. તેવા સમયે આ નકલી કચેરી કૌભાંડમાં રાજકારણી ચેહરાઓ આરોપીઓ તરીકે પકડાશે તો ચૂંટણી સમયે કેવા પ્રકારનો માહોલ સર્જાશે ? તે કેવું અત્યારે પ્રમાણિત નથી, પરંતુ અગર જો રાજકારણી ચેહરાઓ આ નકલી કચેરી કૌભાંડમાં બહાર આવે તો ગુજરાત રાજ્યની સાથે સાથે સમગ્ર ભારત દેશમાં અને ખાસ કરીને ગુજરાત રાજ્ય માટે આ એક મસ મોટું કૌભાંડ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાય તેમ કહીએ તેમાં કોઈ અતિશયોક્તિ નહીં ગણાય.

છોટાઉદેપુર નકલી કચેરી કૌભાંડનો રેલો દાહોદ જીલ્લામાં આવ્યા બાદ દાહોદના વહીવટદાર કચેરીના તત્કાલીન કર્મચારી બીડી નિનામા, દાહોદ જીલ્લા પંચાયત નાની સિંચાઈના કાર્યપાલક ઈજનેર ઈશ્વર કોલજા અને ત્યારબાદ આ પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર ગણાતો આરોપી એવો અબુબકરનો ભાઈ એઝાજ સૈયદ તથા તેનો ભાણેજ ડોક્ટર સેફ અલી સૈયદ તેમજ દાહોદ પ્રાઈવેટના વહીવટદાર કચેરીના પાંચ મળતીયાઓ તેમજ ગતરોજ નર્સોતમ પરમાર સહિત ૧૧ થી વધુ આરોપીઓની પોલીસે અટકાયત કર્યા બાદ જાણે લોકસભાની ચૂંટણી ટાણે છોટાઉદયપુર તેમજ દાહોદ જીલ્લાના રાજકારણીઓમાં ભૂકંપ સર્જાયો હોવાની ચર્ચાઓએ બહારે જોર પકડ્યું છે. કારણ કે, અહીં પ્રશ્ન એ ઉદભવી રહ્યો છે કે પ્રાયોજના વહીવટદાર કચેરીની તમામ ગ્રાન્ટો માંથી સાંસદની મંજૂરી વગર એક પણ ટી એસ ફાઈલ મંજૂર કરવી અશક્ય છે. ત્યારે આટલા મોટા કૌભાંડમાં ખુદ સાંસદ જ અજાણ હોય શકે તેવું માની લેવું તે વાત ગળે ઉતરે તેમ નથી. કારણ કે સાંસદની મંજૂરી વગર એક પણ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી શકાય તેમ નથી. ત્યારે આટલા મોટા કૌભાંડમાં ખુદ સાંસદ અજાણ હોય અને તેઓને ગંધ સુધ્ધા ન આવી હોય તે માની શકાતું નથી. અત્યારે તો છોટાઉદેપુર પોલીસ તેમજ દાહોદ જીલ્લા પોલીસ ઝડપાયેલા આરોપીઓના બેન્ક એકાઉન્ટ પરથી તપાસ હાથ ધરી રહી છે અને તેમાં કેટલીક મંડળીઓ પણ સામેલ હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે આ મંડળીઓ છોટાઉદેપુરની સાથે સાથે દાહોદ જીલ્લામાં પણ સક્રિય હોવાનું કહેવાય રહ્યું છે. આ મંડળઓ થકી સરકારી તિજોરીને ચૂનો ચોપડવામાં આવ્યો હોવાનું પણ કહેવાય રહ્યું છે. તપાસનો વિષય એ રહ્યો કે આ મંડળીઓ કોની કોની છે અને કોના હસ્તકે સક્રિય છે ? અગર જો મંડળીઓના બેન્ક વહીવટોની તપાસ હાથ ધરવામાં આવે તો આ મંડળીઓ થકી અનેક લોકોની અને ખાસ કરીને મોટા માથાઓની ધરપકડ થઈ શકે તેમ છે.

## આરોપીઓના બેન્ક ખાતાઓના સ્ટેટમેન્ટ ના આધારે પોલીસ તપાસ વેગવંતી બની

૧૧ થી વધુ આરોપીઓની ધરપકડ બાદ એક પછી એક આરોપીઓની કડી મેળવવા માટે છોટાઉદેપુર પોલીસ તેમજ દાહોદ જીલ્લા પોલીસ દ્વારા ઝડપાયેલ આરોપીઓના બેન્ક એકાઉન્ટોની તલસ્પર્શી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ પણ બેંક સ્ટેટમેન્ટોના આધારે આરોપીઓને ઝડપી પાડવામાં પોલીસને સફળતા પ્રાપ્ત થઈ છે. ત્યારે આવનાર દિવસોમાં આ જ બેન્ક સ્ટેટમેન્ટોના આધારે કેટલાક મોટા માથાઓના માથે લટકતી તલવાર પણ હોવાનું કહેવાય રહ્યું છે. પરંતુ સમગ્ર મામલે પોલીસ દ્વારા કઈ પણ કાચું ન કપાય તે માટે નજર રાખવામાં આવી રહી છે અને આ સમગ્ર કેસમાં પુરાવાઓ એકત્ર કરવામાં પોલીસ રાત દિવસ એક કરી રહી છે. જાણવા મળ્યા અનુસાર આ નકલી કચેરી કૌભાંડ નો રેલો ગાંધીનગર સુધી પહોંચે તો નવાઈ પામવા જેવું નહીં અને આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખી ગાંધીનગર સુધી ઉચ્ચસ્તરીય તપાસ કરવામાં આવી રહી હોવાનું પણ કહેવાય રહ્યું છે. ત્યારે આવનાર દિવસોમાં શું ગાંધીનગર સુધીના આરોપીઓ પણ આ કેસમાં સંડોવાયેલા હશે કે કેમ ? તે દિશામાં પણ પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

# પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષસ્થાને દેવગઢબારિયા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કાર્યક્રમ યોજાયો

દાહોદ,

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથો ગામે ગામ ભ્રમણ કરી સરકારની કલ્યાણકારી યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરી રહ્યા છે. જે અન્વયે આજરોજ દાહોદ જીલ્લાના દેવગઢબારિયા ખાતે પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડના વરદહસ્તે લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.




આ તકે સંબોધન પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ એ જણાવ્યું હતું કે, વિકસિત ભારત યાત્રાના માધ્યમથી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે. આયુષ્માન કાર્ડ, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ સહિતની સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભો ઘરઘર સુધી પહોંચાડવા માટે દાહોદ જીલ્લામાં વિકાસ યાત્રાના રથો ગામેગામ ભ્રમણ કરી રહ્યા છે. આ રથના માધ્યમથી જરૂરિયાતમંદ લોકોને વિવિધ યોજનાકીય લાભોથી ઘર આંગણે જ લાભાન્વિત કરાઈ રહ્યા છે. ત્યારે આજરોજ દેવગઢબારિયામા પણ સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભો પાત્રતા ધરાવતા લાભાર્થીઓને ઘર આંગણે જ મળી રહે તેવા હેતુસર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ગેરન્ટીરૂપી રથ આવી પહોંચ્યો છે.

વધુમાં મંત્રી ઉમેર્યું હતું કે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશેની જાણકારી આપતા તેમણે જણાવ્યું કે, આયુષ્માન ભારત યોજના હેઠળ એકપણ રૂપિયાનો ખર્ચ કર્યા વિના લાખોના ઓપરેશન વિનામૂલ્યે થઈ રહ્યા છે. પી.એમ.કિસાન સન્માન નિધિ યોજનામાં ખેડૂતોને દર વર્ષે ૬ હજારની સહાય આપવામાં આવે છે. વિદેશ અભ્યાસ માટે સરકારે રૂ.૧૫ લાખની જોગવાઈ પણ કરી છે. અત્યાર સુધીમાં ૩૮ લાખથી વધુ લાભાર્થીઓને ઉજ્જવલા યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત તેમણે પ્રધાનમંત્રી અન્ન યોજના, આંગણવાડી વિભાગ દ્વારા આપવામાં આવતી THR કિટ, પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની યોજનાઓ દ્વારા મળતી સહાય વિશે વાત કરી ગ્રામજનોને સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં પંચાયત અને કૃષિ મંત્રી સહિતના મહાનુભાવોના વરદહસ્તે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને વિવિધ લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. 'મેરી કહાની, મેરી જુબાની' હેઠળ લાભાર્થીઓએ પોતાને મળેલ યોજનાઓના લાભ વિશે પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા. ઉપસ્થિત તમામ લોકોએ વડાપ્રધાનનો રેકોર્ડ કરેલો પ્રજાજોગ સંદેશો રસપૂર્વક સાંભળ્યો હતો. તેમજ 'વિકસિત ભારત' ફિલ્મનું નિદર્શન પણ નિહાળ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિતોએ વિકસિત ભારત માટે પ્રતિજ્ઞા પણ લીધી હતી. ઉલ્લેખનીય છે કે, વિકાસ યાત્રા રથ દેવગઢબારિયા ખાતે પહોંચતા બાળાઓએ મહાનુભાવો અને રથનું સામૈયા અને કુમકુમ તિલક કરી સ્વાગત કર્યું હતું. દેવગઢ બારિયા મામલતદાર સમીરભાઈ પટેલે શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ અરવિંદાબેન, જીલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યઓ, દેવગઢ બારિયા ચીફ ઓફિસર, અગ્રણી મહેશ બાલવાની, નગરપાલિકાના કાઉન્સિલરો સહિત, તાલુકા વિકાસ અધિકારી સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# શહેરના રાજમાર્ગો પર રખડતા ઢોરોનો અડિંગો : પાલિકા સત્તાધીશોની આંખો ક્યારે ઉંઘડશે?

- સ્માર્ટ સીટી દાહોદ રખડતા ઢોરોના ત્રાસમાંથી ક્યારે મુક્ત થશે ?
- શહેરમાં ઠેક-ઠેકાણે રખડતા ઢોરોના દ્વંદયુદ્ધના દ્રશ્યો સરેઆમ થયાં.


દાહોદ,

સ્માર્ટ સીટી દાહોદના દરેક વિસ્તારોમા રખડતા ઢોરોનો ત્રાસ યથાવત જોવા મળી રહ્યો છે. શહેરના ગોવિંદ નગર સ્ટેશન રોડ, ગોદીરોડ સહિતના વિસ્તારોના માર્ગો પર રખડતા ઢોરો અંડિંગો જમાવતા વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જયારે ઘણા વિસ્તારોમાં તો રખડતા ઢોરોના લીધે ટ્રાફિકજામના દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. અધૂરામા પૂરૂં ઈંટના ભઠ્ઠાવાળાઓ દ્વારા રેઢા મુકાયેલા ગંધર્વ પણ જાહેર રસ્તાઓ પર રીતસરની દોટ મુકતા વાહનચાલકો માટે જોખમરૂપ સાબિત થઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ ગુજરાતની નામદાર હાઈકોર્ટ દ્વારા પણ ગુજરાત સરકારને આડે હાથ લઈ અને રખડતા ઢોરોને પાંજરે પુરવા તેમજ તેમની નોંધણી કરવા માટે ટકોર કરવામાં આવી હતી અને દેરસે આયે દુરૂસ્ત આયે તેવી પરિસ્તિથીની વચ્ચે ગુજરાત સરકારે નગરપાલિકાઓ અને મહાનગર પાલિકાઓને ઠોર ટકોર કરી નિયમો બનાવી રખડતા ઢોરની નોંધણી કરી તેમને પાંજરે પુરવા અને રસ્તા ઉપર ઢોરને ઘાસ ચારો ન ખવડાવી સહિતના નિયમો બનાવી અને નાગરિકોને સલામતી પુરી પાઢવા માટે સૂચનાઓ કરાઈ હતી પરંતુ ભૂતકાળમાં દાહોદમાં રખડતા ઢોરના ઘણા કિસ્સાઓ નોંધાઈ ચુક્યા છે, પરંતુ હજુ સુધી નગરપાલિકા તંત્ર સફાળું જાગ્યુ નથી અને રખડતા ઢોરથી નાગરિકો મરે તેવી હજુ સુધી તો રાહ જોવાઈ રહી છે. દાહોદમાં રખડતા ઢોરનો મુદ્દો માથાનો દુખાવો સમાન છે. હાઈકોર્ટની સાથે સાથે ગુજરાત સરકારના નિયમોને પણ ઘોળીને પાલિકા તંત્ર પી ગયું છે. દાહોદમાં સુરભી ગૌશાળા હયાત છે. તેમજ સત્તાની રૂહે નગરપાલિકા પ્રમુખ ગૌશાળાના પ્રમુખ છે. તેમ છતાંય પાલિકાએ હજુ સુધી કોઈપણ જાતના પગલા લીધા નથી. કેમ પાલિકા તંત્ર આળશું બની રહી છે. ત્યારે જો પાલિકા હજી પણ આ મામલે નિષ્ક્રિયતા દાખવશે તો આવનારા સમયમાં રખડતા ઢોર ચોક્કસથી દાહોદના કોઈક નાગરિકનો જીવ લેશે. તેમાં કોઈ બે મત નથી.

# દેવગઢબારીયા શહેર માંથી પસાર થતી રોયલ્ટી પાસ વગર ની રેતી ભરેલી ટ્રકો ખાણ ખનીજ દાહોદ ની ગાડી આવતા કઈ રીતે થાય છે છૂમંતર..!!

દાહોદ,

દેવગઢ બારીયા તાલુકામાં પાનમ અને ઉજ્જવળ એમ બે નદીઓમાં સફેદ રેતીનો વિપુલ જથ્થો આવેલ હોય આ નદી કાંઠાના અમુક ગામડા જેવાકે બૈણા, જુનાબારિયા, ઉંચવાણ, ચેનપુર, રામા, વિરોલ, રાતડીયા, લવારીયામાં ક્યાંક ક્યાંક રેતીની કાયદેસર લીઝની મંજૂરી સરકારના ખાણ ખનીજ વિભાગ દ્વારા આપવામાં આવેલ છે. જયારે અમુક જગ્યાએ કોઈપણ જાતના પરમિશન વગર રેતી ખનન કરવાની ગેરકાયદેસર પ્રવુતિ ધમધમી રહી છે. જે જગ્યા એ રેતીની લીઝ આવેલ છે. ત્યાં ઘણીવાર રેતી અન્ય જગ્યાએથી ટ્રકમાં ભરી લાવી અને



રોયલ્ટી પાસ અપાતી હોવાની જાણકારી મળી છે. જયારે ઘણીવાર કોઈપણ રોયલ્ટી પાસ વગર ઓવરલોડ રેતી ભરેલી ટ્રકો અન્ય રાજયમાં પણ પહોંચતી હોય છે. રોયલ્ટી પાસ નહીં હોવાના કારણે સરકારની તિજોરીમાં મોટી ખોટ રેત માફિયાઓ કરી રહ્યા છે.

દેવગઢ બારીયા તાલુકામાં ખાણ ખનીજ દાહોદની ગાડી આવવાની હોય ત્યારે ગેરકાયદેસર રેતી વહન કરતા ટ્રક ચાલકો રેતી ભરેલી ગાડીઓ ક્યાંક છુપાવી દેતા હોય છે. કેમકે તેમને ક્યાંક કંઈક રીતે માહિતી મળી જતી હશે માટે તેઓ ઘણીવાર રેતી ભરવા નદી માં ગયા હોય ત્યાંથી પણ બહાર નીકળી જતા હોય છે.

સંગલગ્ન તંત્રના અધિકારીઓ દ્વારા ગેરકાયદેસર રેતી ભરેલી ટ્રકો પકડાઈ ત્યારે તેમના મોબાઈલ ફોનની ચકાસણી કરવું જરૂરી છે. કદાચ કોઈ ગ્રુપ મારફતે જાણકારી મળતી હોય તેવું પણ માનવાજોગ છે.

# ઝાલોદ શિક્ષક. કો.ઓ.સો.કે.સો.લી.માં ચૂંટણી ઉમેદવાર ફોર્મ રદ કરવાના કારણની ચૂંટણી પંચ પાસે માંગ કરતાં ઉમેદવાર

ઝાલોદ,

રાજેશ કાળુભાઈ પરમાર દ્વારા તારીખ ૨૫-૧૨-૨૦૨૩ નારોજ ચૂંટણીપંચ અધીક્ષકને ઝાલોદ તા. પ્રા. શિ. કો. કે.સો.લી ઉમેદવારી ફોર્મ રદ કેમ થયું તેના કારણ અંગે લેખિતમાં માંગ કરેલ છે, પરંતુ બે દિવસ થયા છતાંય તેમને આ અરજી માટે કોઈ સાંભળવા તૈયાર નથી. તેવું જાણવા મળી રહેલ છે. રાજેશ પરમાર દ્વારા લેખિતમાં માંગણી કરેલ છે કે તેમને અને બીજા કોઈ પણ ઉમેદવારોને ફોર્મની સાથે નિયમો અને ફોર્મ ભરવા અંગે માર્ગદર્શક સુચનો આપેલ ન હતા અને સોશિયલ મીડિયા કે સોસાયટીના નોટિસ બોર્ડ પર પણ જાહેર કરવામાં આવેલ નથી. રાજેશ પરમારનું ફોર્મ કયા કારણોસર રદ થયું તેના કારણો અને રાજેશ પરમારને આ બાબતે સાંભળવા માટેની માંગ લેખિત અરજીમાં કરવામાં આવેલ છે.

તારીખ ૨૭-૧૨-૨૦૨૩ ના રોજ સોશિયલ મીડિયામાં આત્મવિલોપન કરીશ તેવો એક મેસેજ વાયરલ થયેલ છે. આ મેસેજ વિશે જવાબદાર અધિકારીઓ પાસે ખરાઈ કરવા પૂછવા કોલ કરવામાં આવેલ હતો. પરંતુ જવાબદાર અધિકારીઓ કોલ ઉઠાવતા નથી. આ મેસેજમાં આત્મવિલોપનની સંપૂર્ણ જવાબદારી ચૂંટણી પંચ સાથે જોડાયેલ તમામ સભ્યોનો રહેશે તે રીતે જણાવવામાં આવેલ છે. હવે ખરેખર સત્ય હકીકત શું છે, તે તપાસનો વિષય છે. તેમજ આ વાયરલ મેસેજ સાચો છે કે ખોટો તેના વિશે અલગ અલગ અટકળો સાંભળવા મળેલ છે.

# ઝાલોદ તાલુકાના પીપળીયા અને મુણઘા ગામમાં વુમન વેલનેશ કેમ્પ યોજાયો




તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

આશીર્વાદ ફાઉંડેશન દ્વારા ૨૬ ડિસેમ્બરના રોજ ઝાલોદ તાલુકાના પીપળીયા ગામમાં અને મુણઘા ગામની જય ખોડિયાર માઁ માધ્યમિક શાળા ખાતે વુમન વેલનેસ ક્લિનિક પ્રોગ્રામ (WWC) હેઠળ આશીર્વાદ ફાઉન્ડેશનના સંસ્થાપક આર.એસ.પટેલ તેમજ બહેનોના રોલ મોડલ એવા આશીર્વાદ મેડિકલ સેન્ટરના ડિરેક્ટર હિના જરીવાલા, કે.સી.પટેલના સહયોગથી લાભાર્થીઓ માટે કોર્ડીનેટર વૈશાલી બારીયા અને તેમની ટીમ દ્વારા સ્તન કેન્સર કાર્યક્રમનું સફળતા પૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું. સ્તનના સ્વ-પરિક્ષણ દ્વારા ૫ મહત્વના પગલા જેવાકે નાની ગાંઠ, લાલ ચકામા, ખીલ, ફોલ્લી અથવા નિપલમા થી પ્રવાહી જરતું હોય તેવા ચિન્હો દેખાય તો તાત્કાલિક ડોક્ટરી તપાસ મેમોગ્રાફી અને સોનોગ્રાફી દ્વારા વહેલા તબક્કે સ્તન કેન્સરનું નિદાન થઈ શકે છે. કેન્સરની આ બીમારી કોઈ પણ જાતના દર્દ વિના થતી હોવાથી દર વર્ષે તેનું વહેલા તબક્કે તેનું નિદાન અને ઈલાજ થઈ શકે છે. ચોથા તબક્કે પહોંચેલ આ બીમારી ખૂબ ખર્ચાળ અને દર્દીને બચાવવા અનિશ્ચિત બની શકે છે. આ માહિતીથી મોટા ભાગની બહેનો અજાણ હોવાથી તેમને આ માહિતી રસપ્રદ લાગી હતી. આવી સુંદર માહિતીનો લાભ આ બહેનોને ક્યારેય મળ્યો હોવાથી સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ અંગે સહુ બહેનો પ્રસંશા કરતી જોવા મળતી હતી અને આવી સુંદર અને સચોટ માહિતી દરેક બહેનો બીજી બહેનોને પહોંચાડશે તેવી ખાત્રી આપી હતી.

# પ્રકૃતિ મિત્ર મંડળ, દાહોદની રેસ્ક્યુ ટીમ દ્વારા એક જ દિવસમાં બે અજગર રેસ્ક્યુ કરાયા

દાહોદ,

દેવગઢબારિયા રામા ગામના પટેલ ફળિયામાં સરતનભાઈ કે. પટેલના ખેતરમાં અજગર દેખાતા પ્રકૃતિ મિત્ર મંડળ, દાહોદના સભ્યો ચિરાગભાઈ અને જીગાભાઈને જાણ કરવામાં આવી. બાદમાં પ્રકૃતિ મિત્ર મંડળના ટીમ દ્વારા બારીયા વન વિભાગ ફોરેસ્ટ ઓફિસર દેવરામજીના માર્ગદર્શનમાં ૯ ફૂટ લાંબા તથા ૧૫ કિગ્રા. વજન ધરાવતાં આ અજગરને રેસ્ક્યુ કરવામાં આવ્યા બાદ સહી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સલામત રીતે કુદરતી જંગલમાં છોડી દેવામાં આવ્યો છે. તો દાહોદ નજીક પાવડીના ગોરી ફળિયાના રમસુભાઈ માવીના ખેતરમાંથી ૬.૫ ફૂટ લંબાઈના એક અન્ય અજગરને પણ પ્રકૃતિ મિત્ર મંડળની રેસ્ક્યુ ટીમે પકડીને સલામત રીતે જંગલમાં છોડી મુક્યો છે.

# દે.બારીયા નગરમાં આવેલ માનસરોવર તળાવમાં ગટર લાઈન દ્વારા ગંદુ પાણી છોડાતા નગરજનોમાં ભારે આક્રોશ



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દેવગઢ બારીયા નગરમાં આવેલ માનસરોવર તળાવ જેને મોટા તળાવ તરીકે ઓળખવામાં આવે જેમાં નગરપાલિકાના સત્તાધીશો દ્વારા ગટર લાઈન બનાવવામાં આવી છે. જે ગટર લાઈન વરસાદી પાણીના નિકાલ માટે બનાવી હોવાનું કહેવાય રહ્યું છે. જેમાં સ્પોર્ટ કોમ્પ્લેક્ષ તેમજ સ્વાગત સ્કૂલ અને તેની આસપાસ રહેતાં મકાનોવાળા દ્વારા ગંદા પાણીના કનેક્શનો આપી દેવામાં આવ્યા છે. જેના થકી ગંદુ પાણી મોટા તળાવના પાણીમાં ભેળસેળ થાય છે. જે તળાવ વર્ષો જુનુ રાજા રજવાડાઓના હાથે બનાવવામાં આવેલ છે. જે તળાવના પાણીથી લોકો જે તે સમયે પીવાનો પણ ઉપયોગ કરતાં હતાં અને હાલ પીવાના પાણીની સુવિધા મળતા હાલ તે પાણીનો ઉપયોગ પાલતુ જાનવરોને પીવા તેમજ લોકો કપડાં ધોવા અને નહાવાનો પણ ઉપયોગ કરતાં હોય છે. વધુમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સગા સબધીઓ પણ આ તળાવમાં કપડા ધોવા અને ન્હાવા માટે આવતા હોય છે. તેવા તળાવના ચોખ્ખા પાણીમાં ભેળસેળ થાય છે. જે બાબતે જાગૃત નાગરિકો દ્વારા અનેક વાર રજુઆતો કરવા છતાં પાલિકા તંત્રના પેટનું પાણી પણ હલતું નથી. ત્યારે લોકો દ્વારા તાત્કાલિક આ ગંદા ગટરના પાણી તળાવમાં બંધ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. ત્યારે જોવું એ રહ્યું કે, તંત્ર દ્વારા કેટલું ઝડપી દુર કરવામાં આવે છે.

# દેવગઢ બારિયા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં સાબેરાબેન પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો મળ્યો લાભ




દાહોદ,

કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો પાત્રતા ધરાવતા લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે સમગ્ર દાહોદ જીલ્લાનાં નિયત આયોજન મુજબ વિકસિત ભારત સંકલ્પ યાત્રા ભ્રમણ કરી રહી છે. જેમા દેવગઢબારિયા તાલુકા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો લાભ સાબેરાબેન બાંડીબારીયા મળતા તેમના પ્રતિભાવો વર્ણવ્યા હતા.

સાબેરાબેને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો લાભ મળતાની ખુશી વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાના કાર્યક્રમમાં મને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત ફ્રી ગેસ કનેક્શનનો લાભ આપવામાં આવ્યો છે. પહેલા અમે ચુલા પર રસોઈ બનાવતા હતા પણ હવે ગેસ કનેકશન મળતા લાકડા લેવા જવામાથી મૂકતી મળશે અને ગેસના ચૂલા પર રસોઈ બનશે. જેથી ધુમાડો લાગવાથી આખોમાં નુકસાન થતુ હતું અને સમય વધારે લાગતો હતો પણ હવે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો લાભ મળવાથી આરોગ્યને નુકસાન નહી થાય. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે, છેવાડાના લોકોને ઘર આંગણે સરકારી યોજનાઓનો લાભ પ્રાપ્ત થઈ રહ્યા છે. તે બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.107

પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૦૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૮-૧૨-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ગોધરા પાલિકા શોપીંગ સેન્ટર કલાલ દરવાજાની ૨૫ જેટલી દુકાનોને ભાડુ ચુકવવા પાલિકા વેરા વિભાગે નોટીસ આપી





### નોટીસમાં ત્રણ દિવસમાં ભાડુ ન ચુકવે તો ભાડા કરારમાં ભંગની કાર્યવાહી કરાશે

ગોધરા,

ગોધરા શહેરમાં નગર પાલિકા શોપીંગ સેન્ટરની ૨૦ થી ૨૫ % દુકાનો ઉપર પાલિકા વેરા વસુલાત ટીમ દ્વારા નોટીસ પાઠવીને ત્રણ દિવસમાં ભાડાની રકમ ભરપાઈ નહિ કરે તો પાલિકા સાથે શોપીંગ સેન્ટરની દુકાનો માટે દુકાનદારો સાથે થયેલ ભાડા કરારની શરત મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

ગોધરા પાલિકાની કલાલ દરવાજા વિસ્તારમાં આવેલ પાલિકા શોપીંગ સેન્ટરની ૨૦ થી ૨૫ દુકાનદારોને વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના વર્ષમાં પાલિકા દ્વારા દુકાનોના ભાડામાં વધારો કરવામાં આવ્યા હતા. જેના નિયમ મુજબ તા.૧ થી ૫ સુધીમાં દુકાનના ભાડાની રકમ ભરપાઈ કરવાની હોય છે. તેમ છતાં પાલિકા શોપીંગ સેન્ટરના દુકાનદારો દ્વારા આજદિન સુધી ભાડાની રકમ ભરપાઈ નહિ કરતાં પાલિકા વેરા વસુલાત વિભાગ દ્વારા પાલિકાની ૨૦ થી ૨૫ દુકાન ધરાવતા દુકાનદારોને ભાડાની રકમ ત્રણ દિવસમાં ભરવા માટે નોટીસ આપવામાં આવી છે. જો ત્રણ દિવસમાં ભાડાની રકમ ભરપાઈ નહિ કરે તો પાલિકા શોપીંગ સેન્ટરની દુકાનોના ભાડુઆત કરાર કરેલ હોય તેની શરત ભંગ કર્યાની કાર્યવાહી કરવામાં આવશે તેવી નોટીસ પાઠવવામાં આવી છે.

એક તરફ પાલિકા શોપીંગ સેન્ટરની દુકાનોના ભાડામાં પાલિકા દ્વારા ૭૦૦ થી ૧૧૦૦ % જેટલો વધારો કરવામાં આવ્યો છે. આ ભાડાનો વધારો પરત ખેંચવા માટે દુકાનદારો દ્વારા વિરોધસાથે દુકાનો સ્વૈચ્છિક બંધ રાખીને પાલિકા ચીફ ઓફિસરને રજુઆત કરી ભાડાનો વધારો પરત ખેંચવા જણાવ્યું હતું. ત્યારબાદ દુકાનદારો દ્વારા પંચમહાલ જીલ્લા કલેકટરને પાલિકા શોપીંગ સેન્ટરની દુકાનોના ભાડામાં તોતીંગ ભાડા વધારાને લઈ લેખિતમાં રજુઆત કરીને ભાડા વધારો પરત ખેંચવામાં આવે તેમજ શોપીંગ સેન્ટરની દુકાનોની હરાજી વખતે કરાર મુજબ દર પાંચ વર્ષ ૧૦ % ભાડા વધારા મુજબ ભાડામાં વધારો યથાવત રાખવામાં આવે તેવી માંગ રજુઆત કરાઈ હતી. આવી દુકાનદારોની રજુઆતો વચ્ચે પાલિકા દ્વારા કલાલ દરવાજા વિસ્તારની ૨૦ થી ૨૫ દુકાનદારોને દુકાનભાડાની વસુલાત માટે નોટીસ પાઠવી ત્રણ દિવસમાં ચુકવવા જણાવીને કાર્યવાહી કરવા જણાવતા દુકાનદારો હવે અટવાયા હોય તેવું લાગી રહ્યું છે.

## વેજલપુર ગામે તળાવ મુખ્યમંત્રી સડક યોજનામાં નાળાની ચાલતી કામગીરી : હલ્કી ગુણવતાની મટીરીયલ્સ વપરાતું હોવાની શંકા કામ અટકાવાયું

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે માર્ગ મકાન વિભાગ દ્વારા વેજલપુર તળાવ ઉપર મુખ્યમંત્રી સડક યોજના અંતર્ગત નાળાનું કામ કરાઈ રહ્યું છે. આ નાળાની કામગીરીની હલ્કી ગુણવત્તાનું કામ કરાઈ રહ્યું છે. જેને લઈ ગ્રામજનો દ્વારા કામ બંધ કરાવી માર્ગ અને મકાન વિભાગને જાણ કરાઈ છે.



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ તાલુકાના વેજલપુર ગામે માર્ગ અને મકાન વિભાગ દ્વારા વેજલપુર તળાવ ઉપર મુખ્યમંત્રી સડક યોજના અંતર્ગત નાળાની કામગીરી કરાઈ રહી છે. બની રહેલ નાળું તળાવમાં પાણીની આવક માટેનો મુખ્ય સ્ત્રોત છે. તેમ છતાં નાળાની કામગીરીમાં હલ્કી ગુણવત્તાનું કામ થઈ રહ્યું છે. નાળામાં નાખવામાં આવેલ પાઈપો નીચે સિમેન્ટ કોંક્રેટની કામગીરી કે પાઈપોના સાંધા ભરવામાં આવ્યા નથી. નાળાની સાઈડમાં બનાવેલ બીજા પણ હલ્કી ગુણવત્તાની કામગીરીની ચાડી ખાય છે. નાળાની ચાલતી કામગીરીમાં કોન્ટ્રાકટર ગેરહાજર નહિ રહી મજુરો મારફતે કામ કરાઈ રહ્યું છે. નાળાની કામગીરી સ્થળે ગેરહાજર રહેતો કોન્ટ્રાકટરને પુછતા અન્ય સ્થળોએ ચાલતા કામોને લઈ હાજર રહી શકતા નથી. નાળાની કામગીરીમાં હલ્કી ગુણવતાનું મટીરીલ્યસ વાપરીને ભ્રષ્ટાચાર થતા હોવાને લઈ વેજલપુરના જાગૃત નાગરિક દ્વારા નાળાની કામગીરી બંધ કરાવીને માર્ગ અને મકાન વિભાગને જાણ કરાઈ છે. ત્યારે જોવું રહ્યું કે, માર્ગ મકાન વિભાગ કેવા પ્રકારની કાર્યવાહી કરશે.

## હાલોલ તાલુકાના કાંકરા ડુંગરની પરણિતાએ ભરણપોષણ સમયસર નહિ ચુકવતા જીવન નિર્વાહમાં પડતી મુશ્કેલીને લઈ ઈચ્છા મૃત્યુની માંગ કરી

હાલોલ,

હાલોલ તાલુકાના કાંકરા ડુંગરી ગામની પરણિતાને ઘરેલું હિંસાના કેસમાં સાત વર્ષ પહેલા કરેલ કેસના ચુકાદા તરીકે હાલોલ કોર્ટમાં ચાલતા ૭,૦૦૦/-ભરણપોષણ ચુકવવાનો હુકમ કરેલ પરંતુ સમયસર ભરણપોષણ નહિ આપતાં આર્થિક સ્થિતી ખરાબ થઈ છે. વારંવાર સમાધાન કરવા છતાં નહિ સુધરતા અને વારંવાર મારી નાખવાની ધમકી આપતાં કંટાળીને ઈચ્છા મૃત્યુની પરવાનગી માટે પાવાગઢ પોલીસ સ્ટેશનને લેખિતમાં માંગ કરી.

હાલોલ તાલુકાના કાંકરા ડુંગરી ગામની પરણિતા મીનાક્ષીબેન છત્રસિંહ નાયકના લગ્ન ૨૦૧૦ જગદીશભાઈ રામસિંહ નાયક સાથે થયેલ લગ્ન જીવનમાં ત્રણ દિકરીઓ છે. સાસરી પક્ષે દિકરાની લાહ્યમાં મેણાટોણાં મારતા હોય જેથી પતિ સામે ઘરેલું હિંસાનો કેસ સાત વર્ષ પહેલા કરેલ દોઢેક વર્ષ પહેલા નામદાર હાલોલ કોર્ટ તરફથી મને અને દિકરીઓને મહિને ૭,૦૦૦/- રૂપીયા ભરણપોષણ ચુકવવાનો પતિને હુકમ કરેલ પરંતુ સમયસર ભરણપોષણ ચુકવતા નથી. જેને લઈ આર્થિક સ્થિતી કથડી છે. પતિ તરફથી છુટાછેડાનો કેસ કોર્ટમાં ચાલુ છે અને સમાધાન કરી કેસ પાછો ખેંચી લેવાની શરત સાસરીમાં રહેવા ગયેલા હતા. પતિ ફોરેસ્ટમાં નોકરી કરે છે અને પરંતુ મારમારી છુટાછેડા આપવા માટે દબાણ કરતા વારંવાર સમાધાન કરવા છતાં નહિ સુધરતા મીનાક્ષીબેન પિયરમાં રહે છે. દોઢ વર્ષથી સતત ટોર્ચર કરી ધમકી આપતા હોય પતિએ બીજી સ્ત્રી રાખીને પત્ની તરીકે ઘરમાં રાખેલ છે અને તેને પણ છ થી સાત મો મહિનો ચાલે છે. કોર્ટના હુકમનું અનાદર છે. જીવન નિર્વાહ કરવું મુશ્કેલ છે. અવારનવાર ધમકીથી કંટાળીને ઈચ્છા મૃત્યુની પરવાનગી આપવા માટે પાવાગઢ પોલીસ મથકે લેખિત રજુઆત કરાઈ છે.

## હાલોલ નવજીવન ચોકડી પાસે ૨૦૧૯માં થયેલ અકસ્માતમાં મૃતકને વળતર અપાવવા માટે બીજો ડ્રાઈવર ઉભો કરી વિશ્વાસઘાત ઠગાઈ કરતાં ફરિયાદ

હાલોલ,

હાલોલ પોલીસ મથક વિસ્તારના નવજીવન ચોકડી પાસે ૨૦૧૯ના વર્ષમાં અકસ્માતમાં અન્ય વાહનથી મરણ ગયેલ હોય મરણજનારને વીમા કંપની પાસેથી વળતર અપાવવા માટે અન્યને પોલીસ સમક્ષ અકસ્માત સર્જનાર વાહનના ડ્રાઈવર તરીકે રજુ કરી વીમા કંપની સાથે વિશ્વાસઘાત ઠગાઈ કર્યાની ફરિયાદ હાલોલ પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ નવજીવન ચોકડી પાસે ૨૦૧૯ના વર્ષમાં અકસ્માતના બનાવમાં મરણજનારને વીમા કંપની પાસેથી વળતર અપાવવા માટે હાલોલ પોલીસ મથકે રીક્ષા છકડા નં. જીજે. ૧૭. ડબલ્યુ. ૦૯૪૦થી ઉદેસિંહ કશનાભાઈ સોલંકી (રહે. કાલોલ, તા.કાલોલ)ને ઈજાઓ થયેલ હોય તેની ફરિયાદ હાલોલ પોલીસ મથકે નોંધાઈ હતી. આ ગુનામાં રીક્ષા છકડા નં.જીજે.૧૭.ડબલ્યુ.૦૯૪૦ના માલિક રવિન્દ્ર જયંતિલાલ સોની (રહે. મુકતાનંદ સોસાયટી, બામરોલી રોડ, ગોધરા) સાથે મળી છકડો રીક્ષાના ડ્રાઈવર તરીકે હનિફ મુસા મન્સુરીને પોલીસ સમક્ષ રજુ કરી વીમા કંપની સાથે વિશ્વાસઘાત ઠગાઈ કર્યાની ફરિયાદ આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બોર્ડ જનરલ ઈન્સ્યુરન્સ કંપનીના ડેપ્યુટી વાઈસ પ્રેસીડન્ટ મનોજભાઈ શાહ દ્વારા હાલોલ પોલીસ મથકે હનિફભાઈ મુસાભાઈ મન્સુરી અને રવિન્દ્ર જયંતીલાલ સોની વિરૂદ્ધ ઠગાઈ વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરાના મોટી કાંટડી ગામે બે ઈસમો મજુરીના પૈસા વાપરી નાખી ફરિયાદીને મારમારતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના મોટી કાંટડી ગામે રહેતા બે આરોપી ઈસમોએ ફરિયાદીને તું અમારી પાસે મજુરીના પૈસા માંગ છે. તારી મજુરીના પૈસા અમે વાપરી નાખ્યા તારાથી જે થાય તે કરી લે તેમ કહી મનફાવે તેવી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના મોટી કાંટડી ગામે રહેતા બે આરોપી ઈસમો મહેશભાઈ કાળુભાઈ, કાળુભાઈ સામંતભાઈ જે કાંતીભાઈ ભીખાભાઈ પરમાર પાસે આવ્યા હતા અને તું મારી પાસે મજુરીના પૈસા માંગે છે. તેમ કહેતા કાંતીભાઈ હું મજુરીના પૈસા માંગુ છું તેમ કહેતા તારી મજુરીના પૈસા અમે વાપરી નાખ્યા છે. જેથી મજુરીના પૈસા નહિ મળે તું થાય તે કરી લે જે તેમ કહી ગાળો આપી ઝગડો કરી ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે કાંકણપુર પોલસી મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકાના ઓરવાડા ગામે ડીવાઈડર કુદી ટ્રક સામેના રસ્તા ઉપર ઈકોને ટકકર મારી ચાલકને ઈજાઓ પહોંચાડી

ગોધરા,

ગોધરા તાલુકાના ઓરવાડા ગામે હાઈવે રોડ ઉપર ફરિયાદની ઈકકો ગાડી લઈને વડોદર થી ગોધરા આવતા હોય ઈકકોમાં મુસાફરો બેસાડેલ હતા અને હાઈવે રોડ ઉપર આવતા હોય દરમિયાન સામેથી આવતી ટ્રકના ચાલકે ડીવાઈડર કુદાવી પોતાની સાઈડ ઉપરર પસાર થતી ઈકકો ગાડીને અકસ્માત સર્જી ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડી તેમજ મુસાફરોને ઈજાઓ પહોંચાડી ગુનો કરી વાહન મુકી નાશી જતાં ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ઓરવાડા ગામે હાઈવે રોડ ઉપર વડોદર ગામે રહેતા ગિરવતસિંહ ઠાકોર પોતાની ઈકકો ગાડી નં.જીજે.૧૭.સીએ.૩૬૯૬ લઈને ગોધરા આવવા નિકળેલ હતા અન્ય મુસાફરો બેસાડી વડોદર થી સંતરોડ લઈ ગોધરા આવતા હતા. ત્યારે ઓરવાડા ગામ પાસે સામેના રોડ ઉપરથી આવતી ટ્રક નં.જીજે.૧૭. વાય.૯૨૭૭ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી ટ્રકને સામેની સાઈડથી ડીવાઈડર કુદાવી ટ્રકને પુરઝડપે ઈકકો ગાડીને અથડાવી દેતાં ઈકકો ચાલક ગિરવતસિંહને બન્ને પગ અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી તેમજ ઈકકોમાં બેઠેલ મુસાફરોને નાની મોટી ઈજાઓ કરી ટ્રક ચાલક પોતાનું વાહન સ્થળ ઉપર મુકી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવા પામી છે.

## કાલોલ પાલિકા વોર્ડ નં.૪ની બે સોસાયટીમાં પીવાના પાણીની સમસ્યાનું નિવારણની માંગ



કાલોલ,

કાલોલ નગર પાલિકાના વોર્ડ નંબર-૪માં આવેલી ભાગ્યોદય તથા ચામુડા સોસાયટીમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીની સમસ્યા સર્જાઈ છે. સોસાયટીના રહીશો દ્વારા સ્થાનિક પાલિકા તંત્રને રજૂઆત કરવા છતાં પણ કોઈ પણ જાતનું નિરાકરણ આવતું નથી. સોસાયટીમાં છેલ્લા દસ દિવસ ઉપરાંતથી પીવાની સમસ્યા સર્જાઈ હતી અને પરિણામે સોસાયટીના રહીશોને ૧૦ દિવસ ઉપરાંતથી પાણી વગર વલખાં મારવાં પડે છે. જેને લઈ ભાગ્યોદય તથા ચામુડા સોસાયટીની સ્થાનિક મહિલાઓ દ્વારા નગરપાલિકા ખાતે પાલિકાના ચીફ ઓફિસર મીલાપભાઈ પટેલને આજરોજ રજૂઆત કરવામાં આવી છે. જ્યારે પાલિકા દ્વારા છેલ્લા ઘણા સમયથી માત્ર આશ્વાસન આપવામાં આવે છે, પરંતુ પીવાના પાણીની સમસ્યાઓ દૂર થતી નથી. જેથી આ વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાઓ તાકીદે દૂર થાય તેવી આ વિસ્તારની મહિલાઓની માગણી કરી છે.

## કાલોલના સમા ગામે નર્મદા કેનાલના રોડ ઉપર કાર ચાલકે બાઈકને ટકકર મારી ચાલકને ઈજાઓ પહોચાડી

કાલોલ,

કાલોલ તાલુકાના સમા ગામે નર્મદા કેનાલ રોડ ઉપરથી પસાર થતા કારના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈક ચાલકને અડફેટમાં લઈ બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના સમા ગામે નર્મદા કેનાલ રોડ ઉપરથી બાઈક નં.જીજે.૦૭.ઈજે.૯૭૨૧ના ચાલક ભાવેશકુમાર ધુળાભાઈ સેનવા લઈ કાલોલ સાસરીમાં જઈ રહ્યા હતા. દરમિયાન કાર નં.જીજે.૧૮.એસી.૫૭૦૦ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને અડફેટમાં લઈ ચાલક ભાવેશ સેનવાને હાથ અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ફોર વ્હીલ લઈ નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરાના અણીયાદ નદીકાંઠે ઈલેકટ્રીક મોટર અને વાયરની ચોરી

શહેરા,

શહેરા તાલુકાના અણીયાદ ગામે નદી કાંઠા વિસ્તારમાં આવેલ ભલાભાઈ ભરવાડની સર્વે નં.-૨૨૪/૨માં તેઓ દ્વારા છેલ્લા કેટલાય સમયથી મોટર, સ્ટાર્ટર અને વાયર સહિતના સાધનો નદી ઉપર મુકી સિંચાઈનુ પાણી ખેંચવા માટે ઉપયોગ કરતા હતા. ત્યારે રાત્રિના સમયે ભલાભાઈ ભરવાડ દ્વારા નદી ઉપર મુકેલ મોટર, વાયર સહિતના સાધનો કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ જતા આ બાબતે ભલાભાઈ ભરવાડ દ્વારા શહેરા પોલીસ મથકે અરજી આપવામાં આવી હતી. તેઓ દ્વારા અપાયેલ અરજીમમાં જણાવ્યુ હતુ કે, બે દિવસ પહેલા પણ તેઓના ખેતરમાં મુકેલ અંદાજિત ૫૦ મીટર કેબલ વાયરની પણ ચોરી થઈ હોવાની સાથે થોડા દિવસ પહેલા તેમના ગામના અન્ય ખેતરમાંથી પણ બે મોટરની ચોરી થઈ હોવાનુ જણાવ્યુ હતુ. હાલ કડકડતી ઠંડીમાં એક અઠવાડિયામાં અણીયાદ ગામે મોટર ચોરીનો બીજો બનાવ બનતા ગામલોકોમાં ફફડાટ ફેલાવવા પામ્યો છે.

## ટાટા સુમો ગાડીની જાહેર હરાજી

(૧) મામલતદાર કચેરી, લુણાવાડા હસ્તકની રદબાતલ થયેલ Tata Sumo Gold, No. GJ-17-G-0805 ની હરાજી કરવાની હોવાથી રસ ધરાવનાર પાસેથી સીલબંધ કવરમાં અરજી માંગવામાં આવે છે. આ ટાટા સુમો કાર મામલતદાર કચેરી, લુણાવાડા ના કંમ્પાઉન્ડમાં જોવા મળશે. તથા આવી અરજી કરવાનો નિયત નમુનો અત્રેની કચેરીએથી કચેરી સમય દરમ્યાન મેળવી લેવાનો રહેશે. રદબાતલ ટાટા સુમો ગાડીની અપસેટ પ્રાઈસ રકમ રૂા.૬૦૦૦/- અંકે રૂપિયા છ હજાર નકકી કરાઈ છે.

(૨) આ અંગેની અરજી સીલબંધ કવર ઉપર ''રદબાતલ ટાટા સુમો નં. No.GJ-17-G-0805 ની હરાજીની અરજી'' એમ દર્શાવી ભરેલ અરજીમાં નામ સરનામું સહિતની વિગતો દર્શાવી ભરેલ અરજી તા.૨૦/૦૧/૨૦૨૪ના રોજ ૧૬-૦૦ કલાક સુધીમાં રજી.એડી./સ્પીડ પોસ્ટથી અથવા રૂબરૂમાં મામલતદાર કચેરી, લુણાવાડા ખાતે પહોંચતું કરવાનું રહેશે. (જાહેર રજાના દિવસો સિવાય) રજુ થયેલ અરજી ફોર્મ તા.૨૨/૦૧/૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે. આ સમયે અરજી કરનાર વેપારી અથવા તેઓશ્રીના દ્વારા અધિકૃત કરેલ પ્રતિનિધિ હરાજીમાં હાજર રહી શકશે. તેમજ માંગણીની કિંમત ઉપરાંત નિયત કરવામાં આવેલ મુજબનો ટેક્ષ ચુકવવાનો રહેશે.

(૩) જાહેર હરાજીમાં ભાગ લેવા માંગતાં ઈસમોએ અરજી સાથે ડીપોઝીટની રકમ રૂ.૬૦૦/- અંકે રૂપિયા છસો પુરાનો ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ મામલતદારશ્રી, લુણાવાડાના નામનો અત્રેની કચેરીએ જમા કરવાના રહેશે.

(૪) જે આસામીના ભાવ મંજુર થાય તેઓએ દિન-૩(ત્રણ)માં નાંણા ચલનથી ભરી રદબાતલ ટાટા સુમો ગાડી લઈ જવાની રહેશે. અન્યથા તેઓનો ખરીદી અંગેનો હકક સમાપ્ત થયેલ ગણાશે.

(૫) હરાજી અંગેની કામગીરી અસામાન્ય સંજોગોમાં મુલત્વી રાખવાની કે રદ કરવાના અત્રેના અધિકારો અબાધિત રહેશે.

(આઈ.એચ.પટેલ)
મામલતદાર લુણાવાડા

સ્થળ ::- લુણાવાડા
તારીખ ::- ૧૯/૧૨/૨૦૨૩

માહિતી/ગોધરા/૭૩૦/૨૦૨૩

## ગોધરા-દામાવાવ બારીયા સ્ટેટ હાઈવે ૧૫૫ની હલ્કી ગુણવતાની કામગીરીમાં કોન્ટ્રાકટર અને આર એન્ડ બી અધિકારીઓની મીલીભગત સામે આવી

ગોધરા-દામાવાવ બારીયા સ્ટેટ હાઈવે ૧૫૫ની નવિનીકરણની કમાગીરી દિવાળી પહેલા કોન્ટ્રાકટર દ્વારા શરૂ કરવામાં આવી હતી. રસ્તાના કામમાં સાફસફાઈ કે ડામરનો છંટકાવ વગર કરાયેલ બે કિલો મીટરની કામગીરી બાદ હલ્કી ગુણવતાને લઈ કામ અટકાવી દેવામાં આવ્યું હતું. પૂનઃને રસ્તો બે મહિનામાં ખખડધજ બન્યો છે. ત્યારે આજ કોન્ટ્રાકટર દ્વારા ફરીથી બાકીના રસ્તાનું કામ સ્ટેટ આર એન્ડ બી અધિકારી અને કોન્ટ્રાકટરની મીલીભગતમાં શરૂ કરાય છે. ત્યારે રસ્તાનું કામ નકકર કરાશે કે પછી વેઠ ઉતારવામાં આવશે.



ગોધરા,

ગોધરા તાલુકાના ગોધરા-દામાવાવ બારીયા સ્ટેટ હાઈવે ૧૫૫ માર્ગની કામગીરી કરાઈ રહી છે. રાતના સમયે ચાલતાં રસ્તાની કામગીરીમાં કોઈપણ જાતના સાઈનીંગ બોર્ડ નહિ ઉપયોગ થતાં કોઈ અકસ્માતની ઘટના અને તેના જવાબદારી કે ડામર છંટકાવ કર્યા વગર વેઠ ઉતારી કામગીરી કરાઈ રહી છે. તેમાં કોન્ટ્રાકટર અને અધિકારીઓની મીલીભગત લાલીયાવાડી કરાઈ રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ગોધરા તાલુકાના ગોધરા-દામાવાવ બારીયા સ્ટેટ હાઈવે ૧૫૫ માર્ગની કામગીરી દિવાળીના સમયે ચાલતી હતી. તે વખતે રસ્તાના કામમાં વેઠ ઉતારતી હોય જેને લઈ રસ્તાની કામગીરી બંધ કરવામાં આવી હતી. તે સ્ટેટ હાઈવે ૧૫૫ની કામગીરી કોન્ટ્રાકટર પાસે આર એન્ડ બી અધિકારીઓ દ્વારા ફરીથી શરૂઆત કરવામાં આવી છે. સ્ટેટ હાઈવે રોડની કામગીરી રાત્રીના સમયે કરવામાં આવતી હોય રસ્તાની સાફસફાઈ વગર અને રોડ ઉપ ડામરનો છંટકાવ કર્યા વગર રસ્તાનું નવિનીકરણ કરીને ગુણવતા નહિ જાળવીને હલ્કી ગુણવતાની કામગીરી કરાઈ રહી છે. દિવાળી સમયે કોન્ટ્રાકટર દ્વારા બે કિલોમીટરની કામગીરીમાં ગુણવતા વગરના કામને લઈ કામ અટકાવી દેવામાં આવ્યું હતું. તે જગ્યાએ ફરીથી આર એન્ડ બી અધિકારીઓ દ્વારા કોન્ટ્રાકટર પાસે રસ્તાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. કોન્ટ્રાકટર દ્વારા રસ્તાની સફાઈ વગર ગુણવતા વગરની કામગીરી કરાઈ રહી છે. સ્ટેટ આર એન્ડ બી વિભાગના અધિકારીઓ અને કોન્ટ્રાકટર વચ્ચેની મીલીભગતમાં રસ્તાની કામગીરીની ગુણવતા જાળવાતી નથી. ત્યારે ગોધરા-દામાવાવ સ્ટેટ હાઈવેની કામગીરીમાં હલ્કી અને ગુણવતાની કામગીરીના આક્ષેપ થઈ રહ્યા છે. તેની તપાસ સ્ટેટ આર એન્ડ બી વિભાગ કરશે ખરી કે કોન્ટ્રાકટર દ્વારા ઉતારવામાં આવતી વેઠને નજર અંદાજ કરવામાં આવશે.